# ત્રયી ચિંતન

## સંસ્કૃત સાહિત્ય અને દર્શનોમાં મનોવૈજ્ઞાનિક અભિગમ

**PART - I**




◆ Publisher ◆
PRINCIPAL
Smt. C. P. Chokshi Arts and
Shree P. L. Chokshi Commerce College,
Veraval.

Scanned with CamScanner

त्रयी चिंतन (TRAYEE CHINTAN)
સંસ્કૃત સાહિત્ય અને દર્શનોમાં મનોવૈજ્ઞાનિક અભિગમ

© Sampaadak - Prin. Dr. R. P. Mehta

©Sahsampaadak - Dr. A. M. Chocha
- Prof. S. J. Vaghela
- Dr. N. R. Suba

(પ્રસ્તુત પુસ્તકમાં રજૂ કરેલી દરેક બાબતોની જવાબદારી જે તે લેખનકર્તાની છે.)

પ્રાપ્તિ સ્થાન : Smt. C. P. Choksi Arts and Shree P. L. Choksi Commerce College, Veraval.

ISBN No. 978-93-86103-14-7

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૬

કિંમત : ૩૫૦/—

**Publisher :**
**PRINCIPAL**
Smt. C. P. Choksi Arts and
Shree P. L. Choksi Commerce College.
Veraval.

**Setting & Printing**
**Kamlesh Prakashan Mandir**
G-52, Neo Square, P.N. Marg,
Near Income Tax Office,
Jamnagar - 361008.
Contact : 9879427072 / 9824163463
E-mail : kamleshprakashan@gmail.com

Scanned with CamScanner

# સંસ્કૃતશાસ્ત્રોમાં વ્યવહારવાદ

ડૉ. લલિત પટેલ
સંસ્કૃત કોલેજ, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ

પરમેશ્વરે જગત ઉપર વિવિધ પદાર્થો અને પ્રાણીઓનું સર્જન કર્યું છે. પરંતુ માનવ એ આ સંસારની એક વશિષ્ટિ રચના છે. માનવ ક્ષમતા–યોગ્યતા વગેરેની દ્રષ્ટિએ અન્ય જીવોથી વિશિષ્ટ છે. જ્ઞાન જ એ તત્ત્વ છે જે માનવને અન્ય જીવોથી પૃથક્ કરે છે. મનુષ્યના વ્યવહારનું અધ્યયન અને વિશ્લેષણ કરીને જ્ઞાન વડે તેના વ્યવહાર પરિવર્તન માટેના વિવિધ કારણોનું સંશોધન કરી શકાય છે. આધુનિક મનોવિજ્ઞાનમાં મનુષ્ય વ્યવહારનું અધ્યયન કરવામાં આવે છે તેથી તો તેને 'વ્યવહાર વિજ્ઞાન (The Science of Behaviour) તરીકે પણ ઓળખવામાં આવે છે.

વસ્તુતઃ માનવો અને પ્રાણીઓ જે કાંઈ પ્રતિક્રિયાઓ કેર છે તેને 'વ્યવહાર કહેવામાં છે. વુડવર્થ અનુસાર " વનની જીવનનું જે કંઈ પ્રસ્ફુટન કે ક્રિયા થાય છે, તે બધી ક્રિયાઓનું સામુહિક નામ વ્યવહાર છે. " એવું જેમ્સડ્રેમરનું કહેવું છે. સંઘર્ષપૂર્ણ પરિસ્થિતિ પ્રત્યે મનુષ્યની અને વોની સમગ્ર પરિસ્થિતિ જ વ્યવહાર છે. વ્યવહાર શબ્દની અંતર્ગત તે બધી જ બાહ્ય કે આંતરિક પ્રતિક્રિયાઓનો સમાવેશ થાય છે, કે જેનું માપન પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રૂપથી શકય છે. આ બધી પ્રતિક્રિયાઓ જ્ઞાનાત્મક, ભાવાત્મક, મનોગત્યાત્મક રૂપે વ્યસ્ત કે સંયુકત કોઈ શકે છે. આ વ્યવહાર સકળ કે જટિલ હોય છે. વ્યવહારના અનેક કારણો હોઈ શકે છે. વ્યવહારમાં વૈયકિતક ભિન્નતા હોય છે, વ્યવહાર ઉદ્દેશ્ય કેન્દ્રિત અને પરિવર્તનશીલ હોય છે. શરીરના અંગોના સંચાલનની સાથે ચિન્તન, તર્ક, કલ્પના, ભાવ, દષ્ટિકોણ વગેરે પણ વ્યવહાર પરિલક્ષિત કરાવે છે. વ્યવહારના અધ્યયનનું વોટસને કરેલું આથી તેમને વ્યવહારવાદના પ્રણેતા માનવામાં આવે છે.

મનોવિજ્ઞાનનું બીજુ નામ આત્મવિજ્ઞાન, મનઃશાસ્ત્ર, ચૈતન્યવિજ્ઞાન પણ છે. આત્મસંબંધી તત્ત્વવોની વિવેચના તો સંસ્કૃતશાસ્ત્રોમાં વિસ્તારપૂર્વક કરવામાં આવી છે. જેમકે ન્યાયસૂત્ર– ઈચ્છાદ્વેષપ્રયત્નસુખદુઃખજ્ઞાનાનાત્મનો મનસઃ લિઙ્ગમિતિ

ઈચ્છા (પદાર્થોની પ્રાપ્તિમાટેની અભિલાષા), દ્વેષ(વેર), પ્રયત્ન(પુરૂષાર્થ), સુખ(આનંદ), દુઃખ(અપ્રસન્નતા), જ્ઞાન(વિવેક, સત્યાસત્યનુ પરિજ્ઞાન) એ આત્માનું લિંગ (ચિહ્ન) છે. વૈશેષિકસૂત્રમાં પણ હહ્યું છે.

"પ્રાણાપાનનિમેષોન્મેષ જીવનં મનોગતીન્દ્રિયાન્તરવિકારાઃ
સુખદુઃખે ઈચ્છાદ્વેષૌ પ્રયત્નશ્ચાત્મનો લિઙ્ગાનિ

અર્થાત્ પ્રાણાપાન (શ્વાસ અને નિઃશ્વાસ), નિમેષોન્મેષ (આંખનું બંધ–ચાલું થવું), વન, મનોગતિ (નિશ્ચય, સ્મરણ અને અહંકારતત્ત્વ), ભૂખ અને તરસ જેવા ઈન્દ્રિયાન્તર વિકારો, સુખ અને દુઃખ, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન એ આત્માના ચિહ્નો છે.

શ્રીમદ્ભગવતગીતા પણ કહે છે કે, આત્મા કયારેય જન્મતો નથી, કારણ કે આ આત્મા નિત્ય, સનાતન, પુરાતન છે. શરીર હણાતાં તે હણાતો નથી.

મનોવિજ્ઞાન એ મનનું પણ વિજ્ઞાન છે. ઋગ્વેદમાં પણ કહ્યું છે કે – "મનો ન યોઽધ્વનઃ સદ્ય'તિ વેદાન્તસારમાં પણ કહ્યું છે કે – "મનો નામ સંકલ્પવિકલ્પાત્મકાન્તઃકરણવૃત્તિઃ આમ મનોવિજ્ઞાન જેમ આત્માનું વિજ્ઞાન છે, મનનું વિજ્ઞાન છે, તેમ વ્યવહારનું પણ વિજ્ઞાન છે. વોટસન અનુસાર માનવપ્રકૃતિને જાણવા માટે તેના શરીરનું કાર્ય, અને ઈન્દ્રિઓની ચેષ્ટા જોવી જોઈએ. વ્યવહારવાદ અનુસાર માનવના સમગ્ર વ્યકિતત્વનું અભિજ્ઞાન તેના વ્યવહારથી, કાર્યોથી અને ક્રિયાથી થાય છે. આથી ફકત ચેતનાનું અધ્યયન ઉપયોગી નથી, પરંતુ તેની ચેષ્ટા પ્રત્ય પણ ધ્યાન આપવું જોઈએ. આમ વ્યવહારવાદ અનુસાર પ્રાણીનો વ્યવહાર વ્યકતાવ્યકત રૂપે બે પ્રકારનો હોય છે. આત્મા, મન ચૈતન્ય વગેરે અવ્યકત છે. જેનું અધ્યયન સંસ્કૃતશાસ્ત્રોમાં વિસ્તારરૂપે થયું છે, જે આપણે ઉપર જોયું.

Scanned with CamScanner

વ્યવહારનું વ્યકતરૂપે અધ્યયન પણ સંસ્કૃતશાસ્ત્રોમાં જોવા મળે છે. જેમ કે તૈત્તિરિય ઉપનિષદમાં ગુરૂ શિષ્યને દીક્ષા આપતાં કહે છે કે – ''યાન્યસ્માકં સુચરિતાનિ તાનિ ત્વયોપાસ્યાનિ નો ઈતરાણિ અર્થાત – જે અમારા (ગુરૂઓના) સારા ચરિત્ર–સદાચરણો છે, તેમની તારે ઉપાસના કરવી, અન્યની નહિ. તેનું તાત્પર્ય છે કે અમારા દોષયુકત વ્યવહારનું આચારણ ન કરવું. વોટસન અનુસાર દૈહિક–રાસાયણિક રૂપે વ્યવહાર માપી શકાય છે. તેનું વૈજ્ઞાનિક વિધિથી વિશ્લેષણ શકય છે. પ્રત્યેક પ્રભાવી ઉદ્દીપક એક તાત્કાલિકી પ્રતિક્રિયા જન્માવે છે. આથી જ વ્યવહાર પરિવર્તનશીલ હોય છે. હિતોપદેશમાં આ વ્યવહારપરિવર્તનની સુંદર વાત કરી છે. – વ્યવહાર જ મનુષ્યને મિત્ર અને શત્રુ બનાવે છે.

ન કશ્ચિત્કસ્યચિન્મિત્રં ન કશ્ચિત્કસ્યચિદ્રિપુઃ

વ્યવહારેણ મિત્રાણિ જાયન્તે રિપવસ્તથા

પરંતુ માત્ર આચરણવાદને આધારે વ્યવહારનું નિયંત્રણ પરીક્ષણ અને વૈજ્ઞાનિક નિરીક્ષણ કઠિન બને છે. આચરણવાદ અન્તર્નિરીક્ષણ અને મનોવિશ્લેષણાદિને મનોવૈજ્ઞાનિક માનતો નથી. પણ આધુનિક વ્યવહારવાદની જેમ સંસ્કૃતનો પ્રાચીન વ્યવહારવાદ પણ અન્તર્નિરીક્ષણ પૂર્વક મન વગેરેનું મનો વૈજ્ઞાનિક વિશ્લેષણ કરે છે. તેમજ શરીર અને તેના અંગો (ઈન્દ્રિઓ)નું પણ મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કરે છે જેમ કે ગૌતમપ્રણીત ન્યાયદર્શનના બાર પ્રમેયો જુઓ આંતર અને બાહ્ય વ્યવહારનું જ નિયંત્રણ કરે છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | શરીર | :– | ચેષ્ટાન્દ્રિયાર્થાશ્રયઃ શરીરમ્ |
| (૨) | ઈન્દ્રિયં | :– | શરીરસંયુકતતં જ્ઞાનકરણમતીન્દ્રિયમ્ |
| (૩) | અર્થ | :– | સ્વ–સ્વવિષયગ્રહણલક્ષણાનિ ઈન્દ્રિયાણિ |
| (૪) | બુદ્ધિ | :– | સર્વવ્યવહારહેતુર્જ્ઞાનં બુદ્ધિઃ |
| (૫) | પ્રવૃત્તિ | :– | ચિકીર્ષાજન્યો યત્નઃ પ્રવૃત્તિઃ |
| (૬) | દોષો | :– | પ્રવર્ત્તના લક્ષણાઃ દોષાઃ |
| (૭) | પ્રેત્યભાવ | :– | પુનરુત્પત્તિઃ પ્રેત્યભાવઃ |
| (૮) | ફલ | :– | પ્રવૃત્તિદોષજનિતોऽર્થઃ ફલમ્ |
| (૯) | દુઃખ | :– | બાધનાલક્ષણં દુઃખમ્ |
| (૧૦) | અપવર્ગ | :– | દુઃખજન્મપ્રવૃત્તિદોષમિથ્યાજ્ઞાનાનામુત્તરોત્તરાપાયેતદનન્તરાપાયાદપવર્ગઃ |
| (૧૧) | આત્મા | :– | ઈચ્છાદ્વેષપ્રયત્નસુખદુઃખજ્ઞાનાન્યાત્મનો લિઙ્ગમ્ |
| (૧૨) | મન | :– | યુગપજ્જ્ઞાનાનુત્પત્તિર્મનસો લિઙ્ગમ્ |

બાર પ્રમેયોનું વાત્સ્યાયનાદિ ભાષ્યોમાં વિસ્તારથી ચિંતન થયું છે, જે સિદ્ધ કરે છે કે શરીર, તેનાં અંગોનું અને મન–બુદ્ધિ વગેરે અન્તઃ કરણોનાં આધારે મનુષ્યના વ્યવહારનું માપન કરી શકાય છે. શ્રેષ્ઠવ્યવહારનો આદર્શ પ્રસ્થાપિત કર્યો છે – સત્યં વદ ધર્મં ચર એવો ઉપદેશ કરીને સંસ્કૃત શાસ્ત્રકારોએ. આ જ તેમનો વ્યવહારવાદ છે.

સત્યાર્થપ્રકાશમાં મહર્ષિ દયાનંદ સરસ્વતી પણ ઉત્તમ વ્યવહારની અપેક્ષા કરતાં કહે છે કે –

વિદ્યા વિલાસ મનસો ધૃતશીલશિક્ષાઃ સત્યવ્રતા રહિતમાનમલાપહારાઃ

સંસારદુઃખદલનેન સુભૂષિતા યે, ધન્યા નરા વિહિતકર્મપરોપકારાઃ

અર્થાત્ – " જે લોકો વિદ્યાવિલાસોમાં તત્પર હોય છે, સુંદરશીલસ્વભાવથી યુક્ત હોય છે, સત્ય વગેરે નિયમોથી પાલનયુકત હોય છે, અભિમાન રહિત, અપવિત્રતા રહિત, અન્ય મનુષ્યોની મલિનતાને દૂર કરનારી (દુઃખોને દૂર કરનારા) અને વેદવિહિત આચારણથી – કર્મથી બીજાનો ઉપકાર કરનારા હોય છે, તે મનષ્યો ધન્ય હોય છે.

આવી શાસ્ત્ર દષ્ટિથી મનુષ્યના વ્યહારનું અધ્યયન અને વિશ્લેષણ અનેક સમસ્યાઓનું સમાધાન કરીને મનુષ્યનું સામાજિક વન સ્થિર બનાવી શકે છે, પ્રાણીઓ વચ્ચે સામંજસ્યની સ્થાપના થાય છે. સંસ્કૃતશાસ્ત્રોમાં રહેલો આ વ્યવહારવાદ આધુનિક શિક્ષાપ્રણાલી શિક્ષાપ્રક્રિયામાં પણ મહામૂલો બની શકે છે.

તન્મે મનઃ શિવસઙ્કલ્પમસ્તુ



Scanned with CamScanner